# SARDAR PATEL UNIVERSITY

## VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)

Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


### પરિપત્ર

### Admission for M.Ed. Programme

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે એમ.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે. અને કાઉન્સેલીંગ તા. ૧૮/૦૬/૨૦૨૨ને સવારે ૧૦.૩૦ કલાકે અનુસ્નાતક એજ્યુકેશન વિભાગ દ્વારા એમ.પી. પટેલ ઓડિટોરિયમ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રવેશાર્થીઓએ સ્વખર્ચે રૂબરૂ મુલાકાત માટે અચૂક હાજર રહેવા વિનંતી, અન્યથા આપનો મેરીટ પ્રમાણેનો પ્રવેશ હકક રહેશે નહીં. અલગથી કોઇ પત્રવ્યવહાર કે કોલ લેટર મોકલવામાં આવશે નહીં.

| તારીખ | વિગત |
|---|---|
| ખાસ નોંધ | વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ તથા તમામ અસલ દસ્તાવેજ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર Eligibilityની ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ચકાસણી બાદ તમામ અસલ દસ્તાવેજ વિદ્યાર્થીએ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરમાંથી પરત લેવાના રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન કોઈ વિસંગતતા જણાશે તો તેવા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે. |
| ૦૨/૦૬/૨૦૨૨ થી ૧૦/૦૬/૨૦૨૨<br>૧૧/૦૬/૨૦૨૨ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ : **૦૨/૦૬/૨૦૨૨** બપોરના ૧.૦૦ કલાકથી તારીખઃ **૧૦/૦૬/૨૦૨૨** સુધી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં તથા ભરાયેલ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજ ફરજીયાત અનુસ્નાતક એજ્યુકેશન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે Eligibilityની ચકાસણી માટે તારીખ :**૧૧/૦૬/૨૦૨૨**, ૫.૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજ પરત લેવાના રહેશે. (ઓનલાઇન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઇલ નંબર તથા ઇમેઇલ આઇ.ડી. આપવું, સાયબર કેફેવાળાનો મોબાઈલ નંબર ઈ-મેઈલ આપવું નહી.) |
| પ્રોવિઝનલ મેરીટ ૧૩/૦૬/૨૦૨૨ | તા. ૧૩/૦૬/૨૦૨૨ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી વેબસાઇટ www.spuvvn.edu/student_cornaer/admission/M.Ed ઉપર મુકવામાં આવશે. જો વિદ્યાર્થીને પોતાના મેરીટના Criteriaમાં કોઇપણ વિસંગતતા જણાય તો એપ્લીકેશન નંબર અને તમામ માર્કશીટ સાથે તુરંત યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગ ખાતે **તા. ૧૫/૦૬/૨૦૨૨ને સાંજે ૫.૦૦** કલાક પહેલા જાણ કરવાની રહેશે. ત્યારબાદ સૂધારા અંગેની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ફાઇનલ મેરીટ ૧૭/૦૬/૨૦૨૨ | તા. ૧૭/૦૬/૨૦૨૨ બપોરે ૧૨.૦૦ કલાકે ફાઇનલ મેરીટ યુનિવર્સિટી વેબસાઇટ www.spuvvn.edu/student_cornaer/admission/M.Ed ઉપર મુકવામાં આવશે. |
| ૧૮/૦૬/૨૦૨૨ | **તા. ૧૮/૦૬/૨૦૨૨ સવારે ૧૦.૩૦ કલાકે** એમ. પી. પટેલ ઓડિટોરિયમ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે કાઉન્સેલીંગ યોજાશે. |
| ૧૮/૦૬/૨૦૨૨ થી ૨૩/૦૬/૨૦૨૨ | વિદ્યાર્થીને જે કોલેજ/વિભાગમાં પ્રવેશ મળે તે અંગેનો મેમો મેળવી જે તે કોલેજ/વિભાગ ખાતે તારીખ : ૧૮/૦૬/૨૦૨૨ બપોરે ૧૨.૦૦ કલાકથી તા. ૨૩/૦૬/૨૦૨૨ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં ફી ભરી પોતાનો પ્રવેશ ફરજીયાત કન્ફર્મ કરાવવાનો રહેશે. |
| ૨૪/૦૬/૨૦૨૨ | ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ પર મુકવામાં આવશે. |
| તા. ૨૫/૦૬/૨૦૨૨ | ૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તારીખ.૨૫/૦૬/૨૦૨૨ બપોરે ૧૨.૦૦ કલાકથી** ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.<br>૩. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની ઇન્સ્ટીટ્યુટ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે ઇન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઇસ્ટીટ્યુટ/કોલેજના આચાર્ય પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી હાલની કોલેજનો મેળવેલ પ્રવેશ રદ કરવા અંગેની અરજી એકેડેમિક વિભાગમાં અરજી આપવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય ત્યાં પોતાનું પ્રવેશ ફોર્મ રજુ કરવાનું રહેશે.<br>૪. વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે. કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિકકા કરી, કોલેજ દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવેલ હોય તેનું લીસ્ટ તથા પ્રવેશ ફોર્મ સાથે એકેડેમિક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે. |

| તારીખ | વિગત |
|---|---|
| | પ્રવેશ અંગેની અંતિમ તારીખની જાણ તથા જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઇન્સ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજો/વિભાગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

## અગત્યની સૂચનાઓ

૧. વિદ્યાર્થીઓએ એમ.એડ્. કાઉન્સેલીંગ માટે પોતાનો મેરીટ નંબર યુનિવર્સિટી વેબસાઇટ www.spuvvn.edu/student_cornaer/admission/M.Ed ઉપર મુકેલ મેરીટ લીસ્ટમાંથી મેળવી લેવાનો રહેશે.

૨. વિદ્યાર્થીએ એમ.એડ્. પ્રવેશ કાઉન્સેલીંગમાં ૧ કલાક પહેલાં હાજર થવાનું રેહેશે.

૩. વિદ્યાર્થીએ એમ.એડ્. પ્રવેશ કાઉન્સેલીંગમાં પોતાના અરજીપત્રકની નકલ સાથે તમામ માર્કશીટો, જાતિનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર અને જરૂરી તમામ દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ સાથે હાજર રહેવું.

૪. ગુજરાત સરકારશ્રીના કોવિડ-૧૯ની વખતોવખતની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૧૪૭૯(૯)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૦૧/૦૬/૨૦૨૨

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના :

૧) વડાશ્રી, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપરોકત તારીખોને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી સારૂ તથા વિદ્યાર્થીના નિયત તારીખ સુધીમાં આપના વિભાગના મેઇલ પર આવેલા સુધારા અંગેની કાર્યવાહી કરવા સારૂ.

૨) નિયામિકાશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની કાર્યવાહી સારૂ.

૩) એમ.એડ્.નો અભ્યાસક્રમ ચલાવતી કોલેજ/ઇન્સ્ટીટ્યૂટ તરફ